BRAMPTON Flower City brampton.ca

media release

તાત્કાલિક પ્રકાશન માટે

# BramptonU (બ્રેમ્પટન-યુ) માટેની ઝુંબેશમાં જોડાઓ

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ડિસેમ્બર 6, 2019) – બ્રેમ્પટન સીટી કાઉન્સિલ બ્રેમ્પટનની પોતાની સંપૂર્ણપણે માન્ય યુનિવર્સિટી શરૂ કરવાની ઝુંબેશ; BramptonU રજૂ કરવા રોમાંચિત છે. વર્તમાન ભાગીદારો, અને ઓન્ટેરિયો અને દુનિયાભરની યુનિવર્સિટીઓની ઉત્કૃષ્ટતાને ધ્યાનમાં રાખીને, આ સીટી રહેવાસીઓ અને ધંધાઓની જરૂરિયાતોને પહોંચી વળવા બ્રેમ્પટનમાં એક સંપૂર્ણ યુનિવર્સિટી લાવવા આતુર છે.

સીટી ધંધાકીય કેસ અંગે સ્વતંત્ર સલાહકારો સાથે કામ કરી રહ્યું છે અને જાહેર અને હિતધારકોનો અભિપ્રાય BramptonU ને હકીકત બનાવવામાં મહત્વપૂર્ણ છે. પહેલા પગલા તરીકે, સીટી ઓફ બ્રેમ્પટન વિવિધ ઉપાયો અજમાવીને જાહેર અભિપ્રાય માગી રહ્યું છે:

**ટેલિફોન સર્વે, ડિસેમ્બર 6 થી શરૂ**

- 1,000 રહેવાસીઓને રેન્ડમ નમૂના દ્વારા (કોઈ ક્રમ વિના અડસટ્ટે) બોલાવવામાં આવશે.

**ટેલિ-ટાઉન હૉલ, ડિસેમ્બર 13, સાંજે 7 – 8 વાગ્યા સુધીમાં**

- 1,00,000 રહેવાસીઓને રેન્ડમ નમૂના દ્વારા (કોઈ ક્રમ વિના અડસટ્ટે) બોલાવવામાં આવશે. પોતાને બોલાવવામાં આવે તેવી બાંહેધરી મેળવવા ઇચ્છતા લોકો વેબસાઈટ www.BramptonU.ca પર નોંધણી કરાવી શકે છે.
- મેયર પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), કાઉન્સિલના સભ્યો, અને BramptonU પ્રોજેક્ટના આગેવાનો પ્રતિભાવ મેળવવા અને રહેવાસીઓના પ્રશ્નોના જવાબ આપવા તૈયાર રહેશે.

આ રોમાંચક ઝુંબેશના ભાગ તરીકે, સીટી ઓફ બ્રેમ્પટન:

- બ્રેમ્પટન યુનિવર્સિટી અને સંભવિત વિદ્યાર્થી આવાસો માટે ઇંટ અને અને મોર્ટારની ઈમારતો બનાવવા અને નિભાવ-જાળવણી કરવા ભાગીદારી અને અભિગમો શોધી રહ્યું છે
- BramptonU માટે ટેકો મેળવવા પ્રોવિન્સને હિમાયત કરી રહ્યું છે
- વિદ્યાર્થીઓ અને ભાવિ અર્થતંત્રની જરૂરિયાતોને પહોંચી વળવા BramptonU દ્વારા આપી શકાય તેવા શૈક્ષણિક કાર્યક્રમો ઓળખી કાઢવામાં મદદ મેળવવા શૈક્ષણિક સંસ્થાઓ, અન્ય સંસ્થાઓ અને નાગરિકોની વિશાળ શ્રેણી પાસેથી અભિપ્રાય માગી રહ્યું છે.

**કડીઓ (લિંક્સ)**

- BramptonU વેબસાઈટ
- BramptonU FAQs (વારંવાર પૂછાતા પ્રશ્નો)
- મીડિયા પ્રકાશન: બ્રેમ્પટન પોસ્ટ-સેકન્ડરી (માધ્યમિક પર્યંત) શિક્ષણ માટે વધારાના વિકલ્પો શોધી રહ્યું છે

media release

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તમાં 70,000 વ્યાપારો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતા પ્રવાસનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagram પર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.


**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પ્ટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca